સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

કરો કષ્ટ દૂર, કષ્ટભંજન દેવ હનુમાનજી,
કરો દૂર આપત્તિ-પનોતી દયાનિધિ દેવ હનુમાનજી,
કરો રક્ષા અનિષ્ટોથી અમારી, હે મા મહાકાળી -
રામ-લક્ષ્મણ-જાનકી જય બોલો હનુમાનની.

હાઈકુ

આવે ન કદા
જીવનમાં કોઈને -
કાળી ચૌદસ...

ભૂત-પ્રેતોથી
સૌનું કરે રક્ષણ
હનુમાનજી...

ચિંતન

પુત્ર પૌત્રવધુ ભૃત્યૈઃ સંપૂર્ણમપિ સર્વદા ।
ભાર્યા હીન ગૃહસ્થસ્ય શૂન્યમેવ ગૃહં મતમ્ ॥

ઉપરોક્ત શ્લોક, નીતિશાસ્ત્રમાંથી લેવામાં આવેલ છે.

પુત્રો હોય, પુત્રીઓ હોય, પૌત્રો અને દોહિત્રો હોય, પુત્રવધુ હોય, અને નોકર ચાકરથી ઘર હર્યુંભર્યું હોય, તો પણ જો પોતાની 'પત્ની' ન હોય તો ગૃહસ્થ ને ઘર ખાલી-ખાલી જ લાગે છે.

જેની સાથે સુખ-દુઃખની અનંત વાતો કરી હોય, એકમેકને આશ્વાસન આપ્યા હોય, સ્નેહની આપલે થઈ હોય, બિમારી મુશ્કેલીના સમયમાં એકમેકનો સધિયારાં થયા હોય બંનેના હૃદયમાં શુદ્ધ-ત્યાગ-સમર્પણની ભાવના હોય ત્યારે જો 'પતિ' પાછલી અવસ્થામાં એકલો પડી જાય ત્યારે ઘર હર્યુંભર્યું હોવા છતાં 'એકાંત' અનુભવે છે.

એવી જ રીતે કજીયારી, શંકાશીલ, બેજવાબદાર, ઈચ્છાધારી, બેદરકાર સ્ત્રીના ગયા પછી નરસિંહ મહેતા બોલી ઊઠ્યા હતા 'ભલુ થયું ભાંગી જંજાળ.'

સુવિચાર

- સોગંધ ને આધારે આપણે માણસ પર શ્રદ્ધા રાખતા નથી પણ માણસને લીધે સોગંદ પર શ્રદ્ધા રાખીએ છીએ - **ફાધર વાલેસ**
- શારીરિક અરાજકતા, માનસિક તનાવ અને વિસંવાદી જીવન કદીય સાચા ધર્મ તરફ નહીં લઈ જાય - **જીવન પાથેય**
- આપણે સામેવાળાના ટોનના આરોહ - અવરોહ પર હવે નજર રાખવા લાગ્યા છીએ, માપવાનું શરૂ થાય ત્યારે પામવાનું બંધ થાય છે - **કિષ્નકાંત ઉડનકટ**
- પ્રેમ નહીં પણ ધિક્કાર લોભ શા માટે ? ઔધાર્ય નહીં પણ લોભ શા માટે? - **મનુભાઈ પંચોળી**
- અધ્યાત્મ તો સત્યને, જીવનને, જીવનની યથાર્થતાને સમજવાનું ક્ષેત્ર છે - **સંત ફ્રાંસીસ**
- શોધવાની વૃત્તિથી હટી જઈને જોવાનો પુરુષાર્થ કરવો એ અધ્યાત્મ છે - **લોંગફેલો**
- આજનું ઔષધ : પાકા દાડમનો છાલ સહીત મિક્સરમાં રસ કાઢી જરાક ગરમ કરી બાળકને એક-એક ચમચી સવાર-સાંજ આપવાથી ઝાડા ઊલટી મટે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

અમેરિકન લેખક હેન્રી થોરો ૧૮૫૪માં 'વાલ્ડન' નામની સંવેદનશીલ કૃતિની રચના કરી. ખેતરોની વચ્ચે નાનો પ્લોટ લઈ મકાન બનાવવાનું મનમાં વિચાર્યું તેમણે એક ખેડૂતનું નાનું ખેતર જમીનના દલાલની મદદથી પસંદ કર્યું. એ જમાનામાં જે ખેતરની કિંમત દસ ડોલર પ્રતિ એકવાર થાય તે જમીન માત્ર ત્રણ ડોલરમાં મળી ગઈ. આમ થવાનું કારણ એ હતું કે જેની આ જમીન હતી તે ખેડૂતને એ સમયના ભાવની કશી ગતાગમ ન હતી. વળી આર્થિક ભીંસને કારણે તે નજીવા ભાવે જમીન વેચવા તૈયાર થયો હતો. હેન્રીના નામે જમીન થઈ ગઈ. દસ્તાવેજ પણ થઈ ચૂક્યો. પેલો ખેડૂત આનંદથી રોકડા ડોલર લઈને પત્ની પાસે ઘરે પહોંચ્યો. અને પત્નીને કહ્યું, 'જમીન વેચી નાખી છે હવે આપણને પૈસાની તંગી નડશે નહીં.' વ્યવહારુ પત્નીએ કહ્યું, 'તમે ખેતર નથી વેચ્યું, જિંદગીભરનો રોટલો વેચ્યો છે. હવે ગુજરાત કઈ રીતે ચલાવશું ?' આટલા ઓછા ભાવે ખેતર વેંચ્યું. તેમ છેતરાયા છો. જાવ આ પૈસા પાછા આપી આપણું ખેતર પરત લઈ આવો.' ખેડૂત હેન્રી પાસે પહોંચ્યો. એણે કહ્યું, 'સાહેબ, હું આપની રકમ પાછી આપું છું. વધારાના દસ ડોલર દંડરુપે પણ આપવા તૈયાર છું. મને માફ કરો. મને મારી જમીન પાછી આપો.' હેન્રીએ વિચાર્યું કે હું સાત્ત્વિકતા અને માનવતા ઉપર નિબંધ લખું છું. પણ મારા મનમાં ખેડૂતને છેતરવાની ભાવના જાગે. તો હું આચારમાં સાવ મીંડું છું. મારા તત્ત્વજ્ઞાનનો અર્થ શું ? તરત જ હેન્રીએ ખેડૂતને કહ્યું, 'ભાઈ, ભૂલ મારી છે. તારી જમીન હું હાલ જ તને પાછી આપું છું.' ખેડૂત મહાન લેખક હેન્રી થોરોને ભેટીને રોઈ પડ્યો.

એક ઊજળા ભવિષ્ય તરફ ઈશારો કરતાં પુનિત પર્વોની શૃંખલા

તંત્રીસ્થાનેથી...

ભગવાન ધન્વંતરિએ એમના પૂર્ણ આશીર્વાદ વરસાવી ભારતવાસીઓને આરોગ્યમય સમયની ભેટ ધરી હોય એમ કોરોના લગભગ અદૃશ્ય થઈ ગયો છે અને દેશ દીપાવલી પર્વની ઉજવણીમાં એ જ પરંપરાગત ઉલ્લાસ અને ઉત્સાહથી સક્રિય થઈ ગયો છે.ગયા વર્ષની દિવાળીએ પ્રજાને દંડિત કરનાર કુદરત ફરી એકવાર અનુકૂળ થઈ ગઈ હોય એમ લાગે છે.લોકો પણ હવે કોરોના સાથે કેવી રીતે જિવાય એ શીખી ગયા છે.સરકારે મોટાભાગની છૂટછાટો આપી પ્રજાને સ્વ વિવેકપૂર્વક ઉત્સવ માણવાની તક આપી છે.ધનતેરસ ધનપૂજન કરતાં વધુ આરોગ્ય જાળવણી માટેનું વાર્ષિક પર્વ છે. કાળક્રમે ધન્વંતરિ પ્રાગટ્ય પર્વે ધનપૂજનનો રિવાજ શરૂ થયો હશે.વેપારીઓથી માંડી માલધારી સુધી તમામ પોત પોતાના ધનની પૂજા કરી નવા વર્ષમાં પ્રવેશ પૂર્વે સાત્ત્વિક ધનપ્રાપ્તિનો સંકલ્પ કરે છે.આસુરી સંપત્તિ વિનાશ નોતરે છે એની પ્રતીતિ સરકારી દરોડા કરાવતા રહે છે!આ ઈડી, ઈક્રમટેક્સ અને સીબીઆઈ આખરે તો સાત્ત્વિક ધનપ્રાપ્તિનો જ પુરસ્કાર કરનાર ઉપક્રમો છે. બીજા દિવસે કાળી ચૌદશનું પર્વ પણ આપણામાં રહેલી આસુરી વૃત્તિઓ પર દમન કરી અંદરની સફાઈ કરવાની તક આપે છે. કાલરાત્રિ તરીકે ઓળખાતું આ પર્વ સાધનાનું પર્વ છે.એ આપણી કુત્સિત વાસનાઓને વાળી ઝૂડીને સાફ કરવા માટેની પ્રેરણા આપે છે.ધનતેરશને શુકનિયાળ ગણતા હોઈએ, દિવાળીને શુભ માનતા હોઈએ તો એ બેઉ વચ્ચે આવતો દિવસ અશુભ કેવી રીતે હોઈ શકે? અલબત્ત માનવીએ પોતાની અંગત સુખદુઃખની લાગણીઓ અને સંસ્કૃતિ મુજબ દરેક પર્વને આગવી ઓળખ આપી છે.ભારત અતિ પ્રાચીન દેશ છે એટલે એની પ્રજા પાસે સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો છે.એમા ઈષ્ટ અને અનિષ્ટ ઉભય સમન્વય પામે એ સમજી શકાય એમ છે.કહે છે કે નરક ચતુર્દશી તિથિએ મહાભારત યુદ્ધનો પ્રારંભ થયો હતો અને એમાં સર્વનાશ થયો એટલે એ દિવસને અવાંછિત ગણી લેવામાં આવ્યો હશે. નરક ચતુર્દશી નરકાસુરના સંહારનું પર્વ છે જેણે અનેક રાજવંશી યુવતીઓને કેદ કરી રાખી હતી.ભગવાન કૃષ્ણ એ તમામને મુક્ત કરાવી જંપ્યા નથી. એ બધી કલંકિત સ્ત્રીઓને એમણે પોતાની છત્રછાયા નીચે આણી ગૃહિણીનો, ધર્મ પત્નીનો સન્માનનીય દરજ્જો આપ્યો હતો.આપણી સંસ્કૃતિની આ નરવી ગરવી ઊંચાઈ આપણને કાળી ચૌદશ જેવા પર્વમાં જોવા મળે છે. એ કાલરાત્રિ સમાપ્ત થતાં જ દિવાળી બેસી જાય છે. એક કાળઝાળ કસોટી પાર કરી આપણે પણ ભગવાન રામચંદ્રજીની જેમ આપણી પોતાની શાશ્વત અયોધ્યા નગરીમાં પ્રવેશ કરી એક ઊર્જા અને અજવાશની દુનિયામાં પ્રવેશ કરીએ છીએ.દિવાળી એ દરેક જીવ માટે આંતરિક ષડરિપુઓને પરાસ્ત કરી આત્માની ભવ્યતાનો વિજયોત્સવ છે.ચૌદવર્ષના કઠોર વનવાસ અને રાવણ જેવા શક્તિશાળી શત્રુ પર વિજય મેળવી હરાયેલી ધર્મ પત્ની સાથે પોતાની જન્મ ભૂમિમાં પાછા ફરેલા અવધ નરેશના સ્વાગત માટે પ્રજા ઘેલી ન થાય તો જ નવાઈ. એટલે ઘેર ઘેર દીવા પ્રગટાવીને પોતાના હૃદયસમ્રાટને વધાવતા એ અવધવાસીઓના હરખમાં દેશ આખો દીપાવલી પર્વની ઉજવણી કરવા લાગ્યો હશે. અંદરના અંધારાથી મુક્ત થઈ આત્માને અજવાળાં આંજવાનુ આ પર્વ એક એવું અનોખું પર્વ છે જેનો જગતના ઈતિહાસમાં જોટો જડવો મુશ્કેલ છે. બીજે દિવસે એક નવી જિંદગીનું મંગલાચરણ થાય છે.વિક્રમનુ નવું વર્ષ દરેક માનવીને નવા જોમ સાથે જીવન યાત્રાના નવા પડકારો ભણી અગ્રેસર કરે છે. જીવન તો સંગ્રામનો જ પર્યાય છે.

'વાહ, વાહ પપ્પા આટલા બધા તહેવારો અને તે પણ એક દેશમાં એક જગ્યાએ ઉજવાય... મજા આવી જવાની'

નવાં ક્લેવર
નટવર હેડાઉ

આપણે ત્યાં શિયાળાની ફૂલગુલાબી ઠંડી શરૂ થતાંની સાથે જ નળસરોવર, થોળ જેવા સ્થળો એ વિદેશી પક્ષીઓનું આગમન થાય છે એ જ રીતે યુરોપ-અમેરિકાની કાતીલ હાડ થીજવતી ઠંડીથી બચવા ત્યાં વસતા એન.આર.આઈ. પરિવારો પણ ગુજરાતમાં બે ત્રણ મહિના માટે આવી જતા હોય છે.

કેનેડાના ટોરેન્ટોમાં રહેતા રાકેશભાઈ ઉર્ફે રોકી અને તેમનો પાંચ વર્ષનો દીકરો વ્રજ ઉર્ફે વીકી જે પ્રથમ વખત ભારત આવતો હતો. પિતા પુત્ર વિમાનમાં બેઠા હતા. વીકી વિમાનની બારી પાસે બેઠો હતો. વિમાન ઉડ્યું અને વાદળોમાંથી પસાર થવા લાગ્યું. નીચેના દેશ્યો જોવાની વીકીને ખુબ જ મજા પડી. મકાનો, રસ્તા, ખેતરો અને જંગલ બધું કોઈ ચિત્રમાં ચિતરેલું હોય તેવું લાગતું હતું. વિમાનમાં કેટલાક મુસાફરો કંઈક વાંચતા હતા તો કોઈ વળી ઝોકું ખાતા હતા. વીકી ખુબ જ ઉત્સુકતાપૂર્વક નીચેનાં દેશ્યો ને જોઈ રહ્યો હતો. તે થોડી થોડી વારે તેના પપ્પાને પ્રશ્નો પૂછતો હતો. દીકરાની જીજ્ઞાસા સંતોષવા રાકેશભાઈ પણ તેને જવાબ આપવાની સાથે બધુ સમજવાની કોશિષ કરતા હતા.

'પપ્પા, આપણું વિમાન અત્યારે કયા દેશ પરથી ઊડી રહ્યું છે.'

'ઈંગ્લેન્ડ.'

'ત્યાંના લોકો ક્રિસમસ ઉજવે છે?'

'હાં બેટા, આ ખ્રિસ્તીઓનો દેશ છે. અહીં ફક્ત ક્રિસમજ ઉજવવામાં આવે છે. યુરોપ અને અમેરિકાના મોટાભાગના દેશોમાં ક્રિસમસની જ ઉજવણી થાય છે.'

'પપ્પા, હવે આપણે કયાં છીએ ?' થોડીવાર પછી બાળકે ફરી પ્રશ્ન કર્યો.

'હવે દેશ આપણું વિમાન સાઉદી અરેબિયા ઉપરતી ઉડી રહ્યું છે.'

'શું ત્યાં પણ ક્રિસમસ ઉજવવામાં આવે છે?'

'ના, બેટા અહીંથી પાકિસ્તાન સુધી મુસ્લિમ દેશો છે. તેઓ ઈદ મનાવે છે.'

વીકી કુતુહલથી જોઈ રહ્યો હતો. વિમાન વિશાળ રણ વિસ્તારો અને હિલોળા લેતા સમુદ્ર ઉપરથી પસાર થતું આગળ વધતું હતું.

'અને હવે આપણે ક્યાં છીએ ?' થોડા સમય પછી નાના બાળક એવા વીકીએ એજ પ્રશ્ન કર્યો.

'હવે આપણું વિમાન ભારતીય સરહદમાં દાખલ થઈ ચૂક્યું છે. અમદાવાદ હવે દૂર નથી.'

'આપણે આપણી મંઝિલે પહોંચવાની તૈયારીમાં છીએ.'

'પપ્પા, અહીંના લોકો ક્રિસમસ ઉજવે છે ખરાં ?' ફરી એજ પ્રશ્ન.

'હાં બેટા, અહીં બધા ધર્મોના તહેવારો ઉજવાય છે. અહીં ખ્રિસ્તી લોકો ક્રિસમસનો તહેવાર ધામધૂમથી ઊજવે છે તો મુસ્લિમો પણ દિલથી ઈદ મનાવે છે અને હિંદુ દિવાળી, હોળી, દશેરા જેવા અનેક તહેવારો હંસી ખુશી અને ઉત્સાહથી ઊજવે છે. અહીં બુદ્ધ ધર્મના લોકો બુદ્ધ પૂર્ણિમા, જૈન ધર્મના લોકો મહાવીર જયંતી અને શિખ સમુદાય ગુરુ પર્વ ખુબ શ્રદ્ધા અને ભક્તિપૂર્વક ઉજવે છે. પારસી લોકોની વસ્તી પણ આપણે ત્યાં છે, તેઓ પણ તેમનો તહેવાર ઉજવે છે.'

'વાહ, વાહ પપ્પા આટલા બધા તહેવારો અને તે પણ એક દેશમાં એક જગ્યાએ ઉજવાય... મજા આવી જવાની.' વીકીએ આખી મુસાફરીમાં પહેલીવાર ખુશ થઈને તાળીઓ વગાડી. આજુબાજુ બેઠેલા અન્ય મુસાફરો પણ તેની સાથે જોડાયા.

સિનેમા ક્ષેત્રે અપાતા રાષ્ટ્રીય પુરસ્કારો

મન-રંજન
દ્વનિલ પારેખ

હમણાં ગયા સપ્તાહમાં રાષ્ટ્રીય સ્તરના સિનેમાના પારિતોષિકો વિતરણ થયા. ઉપરાષ્ટ્રપતિ વૈંકેયા નાયડુના હસ્તે આ પારિતોષિકો એનાયત થયા. ફિલ્મ ક્ષેત્રે સર્વોચ્ચ પુરસ્કાર દાદાસાહેબ ફાળકે ગણાય છે. દક્ષિણ ભારતના સૌથી લોકપ્રિય અભિનેતા રજનીકાંતને આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. રજનીકાંતની ફિલ્મોમાં બધું અસાધારણ હોય છે. સુપર હીરોની કલ્પનાથી સભર અને રજનીકાંતની વિવિધ શૈલીને કારણે એ અત્યંત લોકપ્રિય અભિનેતા છે. હિન્દી ભાષામાં એમણે ઘણી ઓછી ફિલ્મો કરી છે. પણ દક્ષિણની ફિલ્મોમાં રજનીકાંતનો દબદબો છે અને લોકો ભગવાનની જેમ એને પૂજે છે. ફિલ્મ ક્ષેત્રે એમની લાંબી કારકિર્દી રહી હોવાને કારણે પણ એમને આ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા હોય! પણ વાત શ્રેષ્ઠ અભિનેતા તરીકે જેને સન્માનિત કરવામાં આવ્યા એ મનોજ વાજપેયીની કરવાની છે. મનોજ વાજપેયીને આ પૂર્વે 'પિંજર' ફિલ્મમાં સહાયક અભિનેતા તરીકે રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. આ વખતે 'ભોંસલે' ફિલ્મ માટે એને રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો છે. સોની ટીવીના ઓપન પ્લેટફોર્મ પર આ ફિલ્મ રજૂ થઈ હતી. કદાચ મનોજ વાજપેયીએ જ આ ફિલ્મના પ્રોડક્શનની જવાબદારી ઉપાડી હતી. નિવૃત્ત જમાદાર તરીકેની ભૂમિકામાં મનોજ વાજપેયીએ પોતાનો શ્રેષ્ઠ અભિનય કર્યો છે. એમાં કોઈ શક નથી. મહારાષ્ટ્રમાં જે પ્રાંતવાદની સમસ્યા છેલ્લા થોડા વખતથી ઊભી થઈ છે એને કેન્દ્રમાં રાખીને આ ફિલ્મ બનાવવામાં આવી છે. ફિલ્મ અત્યંત ધીમી ગતિએ આગળ વધે છે. ધીરજપૂર્વક આવી ફિલ્મ જોવી પડે. પણ એમાં નિવૃત્ત જમાદારની ઉંમર, રસોઈ બનાવતી વખતે કે પોતાના ઉપરી અધિકારી માટે થર્મોસમાંથી ચાહ કાઢતી વખતે એક પ્રકારનું મેનરિઝુમ જે અભિનયથી મનોજ વાજપેયીએ ઊભું કર્યું છે એ કાબિલેદાદ છે. આ પુરસ્કાર માટે મનોજ વાજપેયીએ અગાઉ પણ હદકાર હતો પણ 'ભોંસલે' માટે મળે છે એનો વિશેષ આનંદ છે.

કંગના રનૌતને ચોથી વખત 'મણિકર્ણિકા' માટે રાષ્ટ્રીય પુરસ્કાર મળે છે. અગાઉ 'ફેશન', 'ક્વીન', 'તનુ વેડ્સ મનુ રીટન્સ' ફિલ્મો માટે એને આ પુરસ્કાર પ્રાપ્ત થયાં હતાં. કંગના રનૌતની અભિનય ક્ષમતા વિશે આ સ્થળે અગાઉ લખ્યું હતું એટલે એનું પુનરાવર્તન નથી કરવું પણ વિવાદ અને કંગના હવે ધીમે ધીમે એકબીજાના પર્યાય બનતા જાય છે. એમાં કયાંક એનો અભિનય ક્ષીણ ન થઈ જાય એની કાળજી રાખવી ઘટે. હમણાં એક બાયોપિક 'થલાઈવી' માં પણ અભિનયના વખાણ થયા છે જે પણ એને રાષ્ટ્રીય પુરસ્કાર અપાવી શકે.

રાષ્ટ્રીય પુરસ્કારની ઘોષણા તો ઘણા સમય પહેલા થઈ હતી પણ કોરોનાને લીધે હવે એ એનાયત થયાં છે. આપણે હવે ઈચ્છીએ કે સિનેમા ગૃહોમાં હવે નવી ફિલ્મો રિલીઝ થાય. ગુજરાત સરકારે એ રીતે હવે બધી છૂટછાટો આપી દીધી છે ત્યારે સારી ફિલ્મો સિનેમાગૃહોમાં જોવા મળે એની પ્રતિક્ષા રહે છે.

દિવાળી આવી એટલે સર્વત્ર ઉમંગના રંગો લાવી!

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આમ તો બે વર્ષ વિશ્વના એવા વિત્યા છે કે દરેક સજીવ ને જીવતા રહ્યાનો આનંદ તેવા હિસ્સામાં માંડ માંડ બચ્યો છે કેમ કે વૈશ્વિક મહામારી એ જે કહેર વરસાવ્યો તેનાથી લોકો પરેશાન થઈ ગયાં અને હજી પણ વિશ્વના અમુક દેશોમાં વાઈરસનું સંક્રમણ બંધ થયું નથી અને જયાં તકેદારી તથા વેક્સિન લેવામાં આવ્યા ત્યાં રાહત મળી છે એ પણ નક્કર હકીકત છે. મહામારી અંદાજે સો વરસે એકવાર આવતી રહે છે તેવું ઈતિહાસ કહે છે, પરંતુ હવે આ હૈયાને રડાવે તેવી વાત કરવી નથી કારણ કે હવે તો આપણા આંગણે શુભ દિવાળી આવી પહોંચી છે. દીવડાઓની હારમાળા, વિવિધ રંગોથી સુશોભિત રંગોળીઓ, સ્વીટ્સ થોડાં ઘણાં ફટાકડા અને મનનો આનંદ આવી પહોંચે ત્યારે સામાજિક જીવનમાં સમય કરવટ અવશ્ય બદલે જ છે!!

સત્ય સુગંધ અને સાદણી ધીમે ધીમે પણ દૂર સુધી અવશ્ય જઈને તેની ઓળખ આપે જ છે. જીવન પ્રવાહમાં વિઘ્નો, પ્રશ્નો, મુંઝવણો ચોક્કસ આવે જ છે પરંતુ ધીરજ સાથે ઉપાયો શોધતા તેનો અંત પણ શોધી શકાય છે. નિરાશામાંથી બહાર નીકળવું એટલે જ પ્રકાસ તરફ પ્રસ્થાન કરવું એવો ભાવાર્થ હોય છે, લોકો ને જીવનનું મહત્ત્વ સમજાયું અને સહાય કે મદદ કયા કયા સ્વરુપે બળ પૂરું પાડે છે એ પણ સમજાયું છે. સુંદર શેરમાં મજાની વાત જણાવી છે.

'ઘરના બારણા સુધી તો
ઘણા બધા આવે છે.
મનનાં બારણા સુધી
જે આવે તે હોય આપણા.'

દીપાવલી આપણા આંગણે આવી પહોંચી છે એ આશાઓનું અમૃત છે, આશ્વાસન છે શુભ સમયના આગમનનું, હૈયામાં ઉમેરણ છે પ્રેમનું અને સમય હવે સાનુકૂળ થયો તેની મંગલ નિશાની છે બધું જ મન અને મગજમાંથી પ્રગટ થતું હોય છે જે વાસ્તવિક જીવન વ્યવહારમાં બહાર આવે છે. મંગળ ક્ષણ શુભ માનસિકતાનું સ્વસ્તિક હોય છે.

ઈશ્વર જુદા જુદા સ્વરુપે આપણને મદદ કરવા આવે જ છે. પ્રભુને શોધશો નહીં, ઓળખજો અને એ પણ આ વખતની દીપાવલીનાં તહેવારમાં તો દિલનો ઉમંગ જીવનના રંગને પણ મનભાવન બનાવી દેશે. અલબત્ત કેટલીક કડવી હકીકતો દેશમાં પ્રવર્તે છે છતાં એ ક્રમશઃ સુખ તરફ લઈ જશે તેમાં શંકા નથી. ભાવવૃદ્ધિ, મોંઘવારી, તનાવ વગેરે છે તો તેના માટે પ્રયાસો કરીને સમાધાન પણ મળશે અને એ માટે આજની ધન્ય ઘડીની ઊજવણી ને રોકશો નહીં કેમ કે સમય જે વહે છે એ પણ સ્વયં ઈશ્વરનું રુપ છે બધુ તેની ઈચ્છા વિરુદ્ધ કંઈ પણ બનતું નથી. વંચિતો ને સહાય યથાશક્તિ કરીને આપણા અસ્તિત્વને ન્યાય આપવાનો પ્રયાસ થાય તેમાં તહેવારની ઉજવણીનો અર્થ અને મર્મ સમાયેલો છે.

'આવતીકાલે સૂરજ ઊગશે
આજ ભલે હો અંધારા જેવું
કોઈ ને કોઈ તો આવશે નક્કી
તું નહીં તો તારા જેવું...!!'

માણસની જાત ઉપર ઈશ્વરને પણ હજી ભરોસો છે કે એ તેનું કર્મ સમજશે અને તેના પ્રતિનિધિ તરીકે જીવન જીવશે તેથી જ હજી પૃથ્વી ટકી રહી છે અને જીવન લાખો મુસિબતોની વચ્ચે પણ જીવવા યોગ્ય લાગે છે. બધા ખરાબ હોતા નથી કે બધા ઉત્તમ હોતા નથી છતાં ખુદાના ફરિસ્તા કદી કમ હોતા નથી! શિસ્ત સંયમ અને સાદાઈથી દિપાવલીના સમયને હવે વધાવીએ અને પ્રભુને પ્રાર્થના કરીએ કે બધાની રક્ષા કરે તથા ઈન્સાનિયત ને બચાવે તેવી શક્તિ પ્રાપ્ત થાએ. ભગવદ્ સ્મરણ અને જીવનની ક્ષણો પ્રસાદના રુપમાં મળી છે એને અન્ય માટે પણ વહેંચીએ તો બધા ખરા અર્થમાં સુખી જરૂર થાય. દુનિયામાં મહાવિનાસક શસ્ત્રોની સ્પર્ધા ચાલી રહી છે, મહામારી બંધ થઈ નથી ત્યારે વિશ્વ શાંતિ કાજે આ મંગળ સમયમાં પ્રાર્થના કરીએ કે દીપાવલી જેવા દિવસો હંમેશા પૂરા વિશ્વમાં આવે અને દુઃખોનો નાશ થાય એવી અભ્યર્થના કરવી બહુ આવશ્યક છે. સત્યનો અસત્ય ઉપર વિજય થયા બાદ ભગવાન રામચંદ્રજી ફરીથી રાજયની ગાદી પર બિરાજમાન થાય તે સઘળી ઘટનાના અંતે આનંદ ઉત્સવ થયો એટલે જ શુભ દિપાવલી એમ કહી શકાય.

દીપાવલીની ઉજવણીના પર્વ ઉપર બધા વ્યસન મુક્ત બને ધંધા-વ્યવસાયમાં સાફલ્યતા પ્રાપ્ત કરે, સમાજની બધી જ નકારાત્મકતા નાશ પામે, નવી અપેક્ષાઓ ફળે, દેશમાં વિકાસની ગતિ ઝડપી બને, તમામ નાગરિકોને જીવનમાં સંતોષનું સ્વપ્ન સિદ્ધ થાય તેવી ભગવાનને પ્રાર્થના છે. દીવાળીની ઉજવણીને જરૂર લાવીએ મનથી આનંદ પ્રાપ્તીનાં દિવસોમાં ઉદાસીપણું ત્યજીએ અને પ્રેમની ગંગા વહાવીએ એ જ આપણા જીવનનું સાચું સ્વરુપ છે બધા સુખી થાઓ સર્વત્ર મંગળ અને શુભ થાઓ - અસ્તુ !

શેર આસ્વાદ :
ડંખે છે દિલને કેવી
એક અક્ષર કહ્યા વિના
રહી જાય છે જે વાત
સમય પર કહ્યા વિના.